***International Spiritual Research Center (ISRC) at Powai, India***



॥ स्वामिश्रीजी ॥

सन १९६४ में मई मास में ब्र.स्व. योगीजी महाराज ने पवई में बडा सत्संग का आयोजन किया था और इस छोटी पहाडी पर पधारकर इस भूमि के उपर दृष्टिपात करके, ‘यहाँ बडा मंदिर होगा और तसु-तसु जमीन की किंमत होगी’ ऐसे भव्य आशिष दिये थे।

‘आज योगीजी महाराज का ही संकल्प काम कर रहा है।
यहाँ आंतराराष्ट्यि रिसर्च सेन्टर शुरु हो रहा है।
यहाँ सारे धर्मों का समन्वय करके, महाशक्ति सभी को मिलती रहे ऐसा अध्यात्म केन्द्र हो रहा है।
...आज हम दावा से कहता है, इसका नाम रखा है ‘अक्षरधाम’। क्या अक्षरधाम ? परमम् धाम।
तो हमकु इधर एक ऐसा स्थान बनाना है कि इधर कोई भी आओ - हमेरा पत्थर भी इधर संदेशा देगा - ब्रह्मरुप थाव... ब्रह्मरुप थाव...’

- ब्र.स्व. काकाजी महाराज

## અદ્‌ભુત ! અનુપમ ! અવર્ણનીય ! દિવ્ય !

તા. ૩જી ફેબ્રુઆરીની બપોર પછી પવઈ મંદિરે સહુના મુખે આ જ શબ્દો સંભળાઈ રહ્યા હતા. પવઈ કેન્દ્રમાં ચમત્કાર અને અજાયબી જ કહી શકાય એવું આઠ જ મહિનામાં તૈયાર થયેલ **‘અક્ષરધામ’** મંદિર, એની પાછળના નાના સુંદર ઉદ્યાનમાં આરસની દેરી, સર્વે ગુણાતીત સત્પુરૂષોનું દિવ્ય સામીપ્ય, ઉત્સાહી અને તરવરિયા સ્વયંસેવકોની સેવાની ધગશ અને દેશવિદેશથી પધારેલ લગભગ ૫૦૦૦ હરિભક્તોનો આનંદના હિલોળા લેતો મહેરામણ... આવો, આ ભવ્ય અને અદ્વિતીય દર્શનની કંઈક ઝાંખી કરીએ...

સનાતન હિંદુ સંસ્કૃતિમાં મંદિર એટલે અધ્યાત્મ સંસ્કારની વિદ્યાપીઠ. મંદિર એટલે જીવ અને શિવના આંતર મિલનનું કેન્દ્રબિંદુ અને માનવીને જીવદશાના તમસમાંથી દેવત્વ અને પ્રભુતાના પ્રકાશમાં ઊર્ધ્વગમન કરાવનાર પાવન સ્ત્રોત, સંતોના અલભ્ય સમાગમની પ્રેરણા પરબ અને ભક્તોના સ્નેહ મિલનની પુનિત ગંગા.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગુણાતીત સત્પુરુષોની પેઢીના મહાપ્રતાપી ઉત્તરાધિકારી અને શ્રી અક્ષરપુરુષોત્તમની સનાતન યુગલ ઉપાસનાના પ્રવર્તક અને બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના આદ્યસંસ્થાપક **શાસ્ત્રીજી મહારાજ**ના અત્યંત લાડીલા અને **યોગીજી મહારાજ**ના પરમ પનોતા માનસપુત્ર અને ગુણાતીત સમાજના અજોડ સ્વપ્નદષ્ટા અને સંકલ્પસૃષ્ટા એવા ચૈતન્યશિલ્પી **ગુરુહરિ કાકાશ્રી મહારાજે** તારદેવ તીર્થસ્થાનથી પ્રારંભ કરી દેશવિદેશમાં સાચા અધ્યાત્મજ્ઞાન અને સત્સંગની પુનિત ગંગાનાં વારિ પ્રસાર્યાં. તેમના સંકલ્પ મુજબ પવઈ, મુંબઈમાં **આતંરરાષ્ટ્રિય આધ્યાત્મિક સંશોધન કેન્દ્ર**ના નિર્માણના પ્રથમ સોપાનરૂપે મંદિર નિર્માણનું કાર્ય તેમના આધ્યાત્મિક વારસદારો એવા તારદેવના સાધક ભાઈઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું અને આઠ જ મહિનાના ટૂંક સમયમાં આશ્ચર્યજનક રીતે પૂર્ણ થયું.

પવઈના આ આધ્યામિક સંકુલ **'અક્ષરધામ'**નો **શિલાન્યાસવિધિ તા. ૨૬-૧-૨૦૦૧**ના મંગલ પ્રભાતે સર્વે ગુણાતીત સ્વરૂપો દ્વારા સંપન્ન થયો. ત્યારબાદ **તા. ૧૫મી મે ૨૦૦૨**ના દિને પાયાના ખોદકામનો પ્રારંભ થયો અને જોતજોતામાં તો ભક્તોના સતત ભજન, તેમની સેવાની ધગશ અને પ્રભુની દિવ્ય શક્તિ દ્વારા અદ્‌ભુત મંદિર સાકાર સ્વરૂપ પામ્યું, કેટલીય વાર સેવકોએ શ્રમશિબિર કરીને નિર્માણ કાર્યને વેગ આપ્યો. આજે ભક્તોના શ્રમ રૂધિરથી તેમની અંતરની ભક્તિની પ્રતિકૃતિ રૂપ **'અક્ષરધામ'** મંદિર સાકાર સ્વરૂપ પામીને સૌને મંદિરરૂપ બનવા આમંત્રી રહ્યું છે.

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે પવઈના હીરાનંદાની ગાર્ડનના સંકુલમાં પ્રથમ જ વખત લગભગ ૨૩૦ યજ્ઞકુંડીઓનો ભવ્ય યજ્ઞ થયો. જેમાં આત્મીય સ્વજન **વિનોદભાઈ પુરોહિત** અને પ્રસિદ્ધ વિદ્વાન બ્રાહ્મણ **પંકજભાઈ શુક્લ** તથા અન્ય બ્રાહ્મણો દ્વારા સુંદર યજ્ઞની શરૂઆત થઈ. ગૌમૂત્ર અને છાણથી લીપેલ યજ્ઞકુંડીઓ, યજ્ઞકુંડી સમક્ષ નાનો તુલસીક્યારો, વિ. યજ્ઞની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. બ્રાહ્મણોના વેદગાન અને મંત્રોચ્ચારથી સમગ્ર યજ્ઞમંડપ ગુંજી રહ્યો હતો અને યજમાનોના મુખારવિંદ પર આનંદ અને ઉત્સાહની અનેરી આભા પથરાઈ રહી હતી. ખૂબ જ શાંતિ અને ભક્તિપૂર્વક લગભગ દોઢ કલાકની વિધિ બાદ સ્વામીજી, અક્ષરવિહારીસ્વામીજી, સાહેબ અને સર્વ ગુણાતીત સ્વરૂપોએ મુખ્ય યજમાનોની યજ્ઞવેદીઓ ઉપર પૂર્ણાહુતિના શ્રીફળની આહુતિ અર્પી હતી. પૂર્ણાહુતિ બાદ દિનકરભાઈએ યજ્ઞની મહત્તા સમજાવી હતી અને કાકાજીએ જપયજ્ઞ દ્વારા જે દિવ્યતાનાં આંદોલનો પ્રસાર્યાં છે તેની સ્મૃતિ કરી હતી અને આ યજ્ઞની સાથે જ નિયમિત 'જપયજ્ઞ'ની કાકાજીની વિશિષ્ટ ભજન પ્રણાલિને પણ બિરદાવી હતી. ત્યાર બાદ સાહેબે યજ્ઞમાં ભાગ લેનાર સર્વે યજમાનોને અંતરના આશિષ અર્પ્યા હતા તથા સ્વામીજીએ પણ આશિષ આપીને આપણી તમામ માન્યતાઓ, ત્રણે ગુણોના ભાવ, આવડતનું જાણપણું, કોઈપણ પ્રકારની સમજણ કે માન્યતા અને અસ્મિતા વગેરેની આહુતિ અર્પી પ્રભુના સાચા પનોતા પુત્ર થવા સહુ ભક્તોને અનુરોધ કર્યો હતો. પપ્પાજી પણ યજ્ઞવિધિ દરમ્યાન યજ્ઞ મંડપમાં પધાર્યા હતા અને સૌને આશિષ અર્પ્યા હતા.

યજ્ઞવિધિ બાદ કાકાજી અને સર્વે ગુણાતીત સ્વરૂપોના માહાત્મ્ય દર્શનના ભજન સંપુટ **'તું રહે સદા મારી યાદમાં - ૩'** નું વિમોચન અક્ષરવિહારીસ્વામીએ તથા કાકાજીના જીવન પર આધારીત સ્તવન **'હે કાકાજી અમર રહો'** નું વિમોચન ગુરુજીએ કર્યું હતું.

સાંજે લગભગ ચાર વાગે 'અક્ષરધામ' મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની સુંદર શોભાયાત્રા નીકળી હતી. મોટર સાયકલ પર ગુણાતીત સમાજના ધ્વજ અને સૂત્રોના બેનરધારી યુવકો, અશ્વારૂઢ યોદ્ધાઓ, વિશિષ્ટ કારમાં પપ્પાજી અને સ્વામીજી, બગીઓમાં વડીલ સંતો, ગુણાતીત સ્વરૂપો, બેન્ડ સાથે યુવકો, આદિવાસી નૃત્ય કરતા કલાકારો, વિવિધ ઐતિહાસિક અને પૌરાણિક પાત્રોના રૂપમાં સુશોભિત બળદગાડામાં નાનાં બાળકો, લેઝીમ બેન્ડ, શાળાના ગણવેશધારી બાળકો, સુંદર કળશધારી બહેનો અને યુવતીઓ, બગીઓમાં બિરાજેલ વડીલ બહેનો અને ભક્તિ-ભાવથી ધૂન, ભજન ગાતાં લગભગ ૨૫૦૦ હરિભક્તોથી સમગ્ર શોભાયાત્રા અદ્વિતીય લાગતી હતી. લગભગ અઢી કલાક સુધી ચાલેલી આ શોભાયાત્રાથી સમગ્ર હીરાનંદાની સંકુલમાં આનંદ અને ભક્તિનો માહોલ નિર્મિત થઈ ગયો હતો.

તા. ૩જીના મંગલ દિનની પ્રભાત તો સુવર્ણમય બની ઊગી હતી. **'અક્ષરધામ'** મંદિરમાં પહેલે માળે મધ્ય મંદિરમાં **ધામ, ધામી** અને **મુક્ત, રાધાકૃષ્ણદેવ, શિવ-પાર્વતીદેવ, ભગતજી મહારાજ, જાગાસ્વામી, કૃષ્ણજી અદા, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, કાકાજી મહારાજ, ગણેશજી** અને **હનુમાનજી**ની આરસની મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ અને **પપ્પાજી મહારાજ, હરિપ્રસાદસ્વામી મહારાજ, જશભાઈ સાહેબ** અન **અક્ષરવિહારીસ્વામીજી**ની આરસની મૂર્તિઓની ભાવપ્રતિષ્ઠા સર્વે ગુણાતીત સ્વરૂપોના શુભ હસ્તે સંપન્ન થઈ હતી.

વિદ્વાન બ્રાહ્મણોના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચારથી વાતાવરણમાં પવિત્રતા અને ભક્તિનાં આંદોલનો પ્રસરી રહ્યાં હતાં, તો ભક્તોની ભાવભરી આંતર પ્રાર્થનાથી પ્રભુ પણ મંદિરમાં બિરાજવા તત્પર હોય તેવી પ્રફુલ્લિત સર્વે મૂર્તિઓ જણાતી હતી. શરૂઆતમાં વશીભાઈએ મૂર્તિપ્રતિષ્ઠાનો સંકલ્પ કરાવી અંતરથી પ્રભુને બિરાજમાન થવા પ્રાર્થના કરી હતી. ત્યારબાદ મધ્ય મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિ બાદ મધ્ય મંદિરની નીચેના સભાખંડમાં કાકાજી **મહારાજ**ની મૂર્તિની અનાવરણ વિધિ, પૂજન, અર્ચન અને આરતી દ્વારા સંપન્ન થઈ હતી. સુંદર કલાત્મક સિંહાસન ઉપર બિરાજમાન કાકાજીની બેઠા કદની આરસની મૂર્તિ અત્યંત તેજસ્વી અને ભવ્ય ભાસતી હતી. આરસની પ્રતિમાઓની સાથોસાથ **કાંતિકાકા, પ્રમુખસ્વામી મહારાજ, મહંતસ્વામી મહારાજ, દિનકરભાઈ, ગુરુજી, નિર્મળસ્વામીજી, હરિભાઈ સાહેબ, કોઠારીસ્વામીજી, સોનાબા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાદીદી** તથા **દેવીબેન**ની તૈલચિત્રોની પ્રતિમાઓની પણ અનાવરણ વિધિ થઈ હતી. અચલ મૂર્તિઓની સાથોસાથ ભાવભર્યા ભક્તોરૂપી ચલ મૂર્તિઓથી સમગ્ર મંદિરમાં ઉત્સાહ અને ભક્તિનો ભવ્ય માહોલ સર્જાયો હતો.

ગુરુજી પ્રત્યેના પ્રેમ અને આગ્રહને વશ થઈ પોતાના અત્યંત વ્યસ્ત સમયમાંથી પણ અવકાશ કાઢી કેન્દ્રીય વસ્ત્રમંત્રી માનનીય શ્રી કાશીરામભાઈ રાણા મૂર્તિપ્રતિષ્ઠામાં ઉપસ્થિત રહ્યા હતા. આત્મીય વડીલ સ્વજનો મલ્કાની સાહેબ, સરદાર પટેલ વિદ્યાપીઠના ભૂતપૂર્વ ઉપકુલપતિ વી.એસ. પટેલ, શાંતિભાઈ, અશ્વિનભાઈ, આદરણીય તત્ત્વચિંતક શ્રી હરિભાઈ કોઠારી, શ્રી નરોત્તમ, શ્રી પ્રશાંત અને શ્રી દીક્ષાંત શર્મા, શ્રી કિરીટભાઈ શેઠ, સમગ્ર મહોત્સવમાં ઉતારા અને અન્ય વિશિષ્ટ સેવા કરનાર અજમેરા પરિવારના સર્વે સભ્યો, મંદિરની મૂર્તિઓની કલાત્મક ફ્રેમની સેવા અર્પનાર આત્મીય સ્વજન રણજીતસિંહજી, વિ. અનેક મહાનુભાવો વહેલી સવારથી પ્રતિષ્ઠાવિધિમાં ભાગ લેવા પધાર્યા હતા. મૂર્તિપ્રતિષ્ઠા બાદ થાળ અને આરતી થયાં હતાં અને ત્યારબાદ મંદિરની પાછળના નાના ઉદ્યાનમાં આરસની સુંદર કલાત્મક દેરી કે જેમાં કાકાજી, સોનાબા અને કાંતિકાકાના અસ્થિકુંભ પધરાવ્યા છે ત્યાં ભગવાન સ્વામિનારાયણના આરસના ચરણાર્વિંદનું સ્થાપન થયું હતું.

લગભગ સાડા દસ વાગે યજ્ઞમંડપની બાજુમાં જ બનાવેલ વિશાળ સભાખંડમાં આ બન્ને મંગલ પર્વની સભાનો પ્રારંભ થયો હતો. મુકેશભાઈ અને પિયુષભાઈ દ્વારા વેદગાન, ધૂન અને ભજન બાદ મહેન્દ્રબાપુએ અંતરના ઉમળકાથી સૌને વધાવ્યા હતા અને કાકાજીના સાક્ષાત્કારનું વિશિષ્ટ મહત્ત્વ સમજાવ્યું હતું.

ત્યારબાદ નિર્મળસ્વામીએ આરસની મૂર્તિઓની જેમ જ ચેતન પ્રતિમાઓ સમાન ભક્તોમાં પણ મૂર્તિઓ જેવો જ દિવ્યભાવ રહે તેવી પ્રાર્થના વહાવી હતી. સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક ડૉ. સર્વેશ વોરાએ કાકાજી ની ક્રાંતિકારી પ્રતિભાને બિરદાવી કેવળ મંદિર જ નહિ પણ મરજીવા જેવા અનેક જીવનમુક્તોનું સર્જન કરનાર ચૈતન્યશિલ્પી તરીકે તેઓશ્રીને અંતરની અંજલિ અર્પી હતી. ત્યારબાદ કાકાજીને અત્યંત પ્રિય એવી **અ.મૂ.અ.મૂ. ગુણાતીતાનંદસ્વામીની ૧ થી ૧૪ પ્રકરણની વાતોના પુસ્તક**નું સ્વામીજીએ વિમોચન કર્યું હતું અને ભરતભાઈએ એ ગ્રંથની વિશિષ્ટતાઓ સમજાવી હતી. પવઈના બહેનોએ ભક્તિભાવથી તૈયાર કરેલ સુંદર કલાત્મક હારોથી સર્વે ગુણાતીત સ્વરૂપો અને આમંત્રિત મહાનુભાવોનું અભિવાદન થયા બાદ ગુરુજીએ આપણે સહુ કાકાજીને પ્રગટાવી શકીએ અને ભાવાત્મક એકતા સાચા અર્થમાં સમગ્ર ગુણાતીત સમાજમાં વ્યાપક કરી શકીએ તે માટે ગદ્ગદ કંઠે પ્રાર્થના વહાવી હતી. નાનાં ભૂલકાંએ કાકાજીની દિવ્ય સ્મૃતિ પર આધારીત સુંદર ભાવવાહી નૃત્ય ભજન દ્વારા રજૂ કર્યું હતું.

પ્રસિદ્ધ વક્તા અને સાધુહૃદયી વડીલ સ્વજન શ્રી હરિભાઈ કોઠારીએ કાકાજીને ભાવપૂર્વક અંજલિ અર્પી હતી અને જીવનના સંગીતને સારેગમ સાથે સરખાવ્યું હતું. તેમજ સહુને પોતાના જેવા કરવાની કાકાજીની ધગશ અને સામર્થીની સરાહના કરી હતી. તેમના મિશનને વધુ વ્યાપક અને યશસ્વી બનાવવા સહુને સજાગ અને સજ્જ રહેવા અનુરોધ કર્યો હતો.

દિનકરભાઈએ અંતરનો આનંદ અભિવ્યક્ત કરતાં જણાવ્યું હતું કે 'ત્રણ ભ' 'ભગવાન, ભક્તોનું ભજન અને સહુની ભક્તિ' દ્વારા બહુ જ ઓછા સમયમાં આવું સુંદર મંદિર તૈયાર થયું છે તો સહુને એમાંથી ખૂબ પ્રેરણા મળશે અને સહુ સાધક ભાઈઓનો લાભ પણ મળશે. પોતે પણ વર્ષમાં એકવાર તો જરૂર અત્રે પધારશે જ એવો કોલ આપ્યો હતો જેને સહુએ હર્ષનાદોથી વધાવી લીધો હતો.

સાહેબે એમની આગવી ચેતનવંતી વાણીમાં કાકાજીની ગુરુભક્તિ અને કેવળ બાપા તરફની જ દૃષ્ટિનું તાદૃશ્ય દર્શન પોતાના સ્મૃતિ પ્રસંગો ટાંકીને કરાવ્યું હતું. મોટા પુરુષની વાણીમાં તેમના કથનને સાકાર કરવાની સામર્થી છે એમ કહી કાકાજીની ઈચ્છા મુજબનું આંતરરાષ્ટ્રિય માહોલને અનુરૂપ આ મંદિર બને તે માટે જ હીરાનંદાની સંકુલનો જે સુંદર વિકાસ થયો છે તે કાકાજીના સંકલ્પની જ ફળશ્રુતિ છે તે રહસ્ય છતું કર્યું હતું.

સ્વામીજીએ કાકાજીના વિવિધ પ્રસંગો ટાંકીને પ્રભુના અલ્પ સંબંધનું પણ તેઓશ્રીને કેવું અદ્‌ભુત માહાત્મ્ય હતું તેનું સુંદર દર્શન કરાવ્યું હતું અને સાથોસાથ સહુ સેવકો સંબંધના માહાત્મ્ય સાગરમાં ડૂબેલા રહે તે માટે આશિષ વરસાવ્યા હતા.

પપ્પાજીએ દર્શન આશિષ આપ્યા હતા અને ઈલેશભાઈએ પપ્પાજીનો આશિષ પત્ર વાંચી સંભળાવ્યો હતો. ગુણાતીત જ્યોતના બહેનો વતી ગુણાતીત પ્રકાશના સાધક ભાઈઓએ અદ્‌ભુત ભક્તિભાવથી કાકાજીની વિવિધ ૫૧ લાક્ષણિક મુદ્રાઓને સમાવિષ્ટ કરતી વિશાળ કદની સુંદર તસવીર મૂર્તિરૂપે પવઈના મંદિરને ભેટરૂપે અર્પણ કરી હતી અને દિનકરભાઈ અને ભરતભાઈએ એનું અનાવરણ કર્યું હતું.

વશીભાઈએ મંદિર નિર્માણ અને મહોત્સવ દરમ્યાન વિશિષ્ટ સેવાનું યોગદાન કરનાર સર્વે મુક્તોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો. હરિધામથી પ્રેમસ્વરૂપસ્વામી, ઘનશ્યામચરણ સ્વામી, જ્ઞાનસ્વરૂપ સ્વામી તથા દિનેશભાઈ (માલિક) અને અન્ય પ્રદેશના મુક્તોએ પણ તમામ જવાબદારી અને વ્યવસ્થા સંભાળી અભૂતપૂર્વ સહકાર આપ્યો હતો. બન્ને દિવસ દરમ્યાન કમલા નગર મંદિર, કાંદિવલીના યુવકોએ પ્રસાદની સંપૂર્ણ જવાબદારી સંભાળી સુંદર વ્યવસ્થા કરી હતી. શ્રી નિરંજન હીરાનંદાનીએ ૧૫ દિવસ માટે વિશાળ મેદાન યજ્ઞ તથા મહોત્સવ સભા માટે આપીને સંપૂર્ણ સહકાર આપ્યો હતો.

આમ દરેક રીતે અભૂતપૂર્વ કહી શકાય તેવો આ મહોત્સવ ઉજવણી રૂપે પૂર્ણાહુતિ પામ્યો પરંતુ હજારો હરિભક્તોના હૃદયે અનન્ય અને ચિરંજીવ સ્મૃતિરૂપે અંકિત થઈ ગયો.